જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૫/૯/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી ૪૭ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૮/૧૪**

**વટવા :** સતવિર કાલુરામ યાદવ (રહે.પુનસીકા તાલુકો જીલ્લો રેવાડી હરીયાણા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે પોતાની પુત્રી જયોતિબહેન ઉર્ફે મનિષાબહેન સોનુ યાદવ (ઉ.વ.૨૦) એ સસરા દેવરાજભાઈ, સાસુ શકુંતલાબહેન, પતિ સોનુ અને નણંદના માનસીક અને શારીરીક ત્રાસથી કંટાળી જતોતિબહેને ઈશ્વરબાગ સોસાયટી મોની હોટલના ખાંચામાં, સાસરીમા પાણીની ટાંકીમાં પડી આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.પરમાર ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૨૬૯/૧૪**

**સોલા હાઈકોર્ટઃ** મનોજભાઈ ગણપતભાઈ વાણંદ (રહે.ધર્મરાજ સોસાયટી વિભાગ-૧ આર્ય સમાજ હોલ પાસે ચાંદલોડીયા) એ તા.૩૧/૮/૧૪ સાંજના ૭/૧૫ વાગે ચંદન પાર્ટી પ્લોટ રોડ સોલા યુનિવર્સ ઓક્ક ફ્લેટ નજીક પોતાની ઝેન કાર નંબર જીજે ૧ એચએફ ૪૫,૦૦૦/- પાર્ક કરી હતી જેની ચોરી ૪૫ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ મનોજભાઈ વાણંદે તા.૭/૯/૧૪ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૭૦/૧૪**

**ઓઢવઃ** અલ્પેશભાઈ ઈશ્વરભાઈ ભાનુ (ઉ.વ.૩૩)(રહે.સંસ્કૃત રેસીડન્સી સેવન સ્કુલની બાજુમાં નિકોલ) તા.૪/૯/૧૪ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બેભાન થઈ જતા અલ્પેશના ભાઈ મિતેશભાઈ,અલ્પેશભાઈને સારવાર માટે તપન હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ જણાવ્યુ હતુ કે ઝેરી દવા પીવાથી તેમનુ મૃત્યુ નિપજ્યું છે. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી એમ નિમાવત ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૨૨૭૧/૧૪**

| | |
|---|---|
| **શાહપુર :** તેજસ નરસિંહભાઈ સોલંકી (ઉ.વ.૧૮)(રહે.રામનગર પદમનાથની વાડીની પાછળ વાડીયા પાટણ) તા.૧૮/૮/૧૪ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે શાહપુર ખાનપુર ભીલવાસ મામાના ઘરેથી પાટણ જવા નિકળ્યાબાદ પત્તો નથી. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગના પેન્ટ અને ટી-શર્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (શાહપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૬૦૦૫૪૫) |  |
| **મણીનગરઃ** ગૌરવ પ્રદીપકુમાર અગ્રવાલ (ઉ.વ.૩૦)(રહે.શ્રીજી એપાર્ટમેન્ટ પુષ્પકુંજ સોસાયટી મણીનગર) તા.૨૫/૮/૧૪ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી આર્થિક સંકડામણથી પોતાનુ મોટર સાયકલ લઈને કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. પ્એન્ટ-શર્ટ પહેર્યા છે. ઉંચાઇ ૫ ફુટ ૬ ઈંચ છે. (મણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૬૦૦૮૯) |  |
| **એલીસબ્રીજ** : વિવેક જનકભાઈ ભટ્ટ (ઉવ.૨૩)(રહે. ગાર્ડન વ્યુહ એપાર્ટમેન્ટ કલ્યાણ જવેલર્સ પાછળ આંબાવાડી) તા.૨૫/૮/૧૪ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સી એ ની પરિક્ષામાં નાપાસ થવાથી મનમાં લાગી આવતા નવરંગપુરા જી એલ એસ કોલેજ લો ગાર્ડન નજીકથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે.સફેદ રંગનો શર્ટ અને વાદળી રંગનું જીન્સ પેન્ટ પહેર્યુ છે. નંબરના ચશ્મા પહેરે છે. ઉંચાઇ ૬ ફુટ છે.(એલીસબ્રીજ પોલીસ સ્ટેશન નંબર ૨૬૫૭૮૨૦૨) |  |
| **નારણપુરાઃ** તેજલબહેન અમરતભાઈ પરમાર (ઉ.વ.૧૬) (રહે. ગોરા કુંભારની ચાલી રામાપીરનો ટેકરો નવાવાડજ) દોઢ મહીના પહેલા ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. જમણા હાથે જય શ્રી ચામુંડા લખાવેલ છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ છે.(નારણપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૪૪૯૪૯) |  |
| **સેટેલાઈટઃ** ધ્રુપલ નિકુંજકુમાર વોરા (ઉ.વ.૧૯) (રહે. સ્વંભુ કેપાર્ટમેન્ટ આઝાદ સોસાયટી સેટેલાઈટ મુળ વતન વડાલી સાબરકાંઠા) તા.૨૭/૮/૧૪ કલાક ૧૨/૦૦ સેટેલાઈટ વિસ્તારમાંથી ગુમ થયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટી-શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સેટેલાઈટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.